# પી.પી.પી. યોજના

અપગ્રેડેશન ઓફ ૧૩૯૬ ગવર્મેન્ટ આઇ.ટી.આઇ. થ્રૂ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ સ્કીમ

રાજ્ય પુરસ્કૃત પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ સ્કીમ

ગુજરાત રાજ્ય

qwertyuiopasdfghjklzxcvbnmqwertyui
opasdfghjklzxcvbnmqwertyuiopasdfgh
jklzxcvb klzxcvb
nmqwer nmqwer
tyuiopas yuiopas
dfghjklz dfghjklzx
cvbnmqwertyuiopasdfghjklzxcvbnmq
wertyuiopasdfghjklzxcvbnmqwertyuio
pasdfghjklzxcvbnmqwertyuiopasdfghj
klzxcvbnmqwertyuiopasdfghjklzxcvbn
mqwertyuiopasdfghjklzxcvbnmqwerty
uiopasdfghjklzxcvbnmqwertyuiopasdf
ghjklzxcvbnmqwertyuiopasdfghjklzxc
vbnmqwertyuiopasdfghjklzxcvbnmrty
uiopasdfghjklzxcvbnmqwertyuiopasdf
ghjklzxcvbnmqwertyuiopasdfghjklzxc

# નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગર.

## ભારત સરકારની પીપીપી યોજના તથા રાજ્ય પુરસ્કુત પીપીપી યોજના

ઔદ્યોગિક તાલીમ સંસ્થાના તાલીમાર્થીઓને બદલાતી જતી ટેક્નોલોજીને અનુરૂપ મલ્ટીસ્કીલ્ડ તાલીમ આપવા અને વિશ્વસ્તરીય મલ્ટીસ્કીલ્ડ વર્કફોર્સ તૈયાર કરવાના આશયથી રાષ્ટ્રની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની માળખાકીય સુવિધાઓ અપગ્રેડ કરી સેન્ટર ઓફ એક્સેલન્સમાં રૂપાંતર કરવા માટેની જાહેરાત ભારત સરકારના ૨૦૦૪-૦૫ના અંદાજપત્રમાં કરવામાં આવી હતી. જેના ભાગ રૂપે ભારત સરકાર દ્વારા ૨૦૦૭-૦૮થી અપગ્રેડેશન ઓફ ૧૩૯૬ ગવર્નમેંટ આઇ.ટી.આઇ. થ્રૂ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ સ્કીમ શરૂ કરવામાં આવી છે.

આ યોજના અનુસાર સંબધિત ઔધોગિક તાલીમ સંસ્થા માટે ઈન્ડસ્ટ્રી પાર્ટનર નક્કી કરવાના હોય છે. આ ઇંન્ડસ્ટ્રી પાર્ટનરની ચેરમેનશીપ હેઠળ તેઓ નક્કી કરે તેવા ઉધોગોના ૦૪ પ્રતિનિધિ અને સરકારશ્રીના 06 સભ્યો મળી કુલ ૧૦ સભ્યોની ઇન્સ્ટીટ્યુટ મેનેજમેંટ કમિટી ( IMC) હોય છે. આ IMC સોસાયટી એક્ટ હેઠળ રજિસ્ટર્ડ હોય છે અને તેના બેન્ક ખાતામાં સરકારનું ફંડ જમા થાય છે. સદર ફંડમાંથી સંબધિત સંસ્થાના અપગ્રેડેશન માટે IMCને ભારત સરકારની ગાઈડ લાઇન અનુસાર જરૂરી નાણાંકીય તથા વહીવટી સ્વાયત્તતા આપવામાં આવેલ છે.

ભારત સરકારની અપગ્રેડેશન ઓફ ૧૩૯૬ ગવર્મેન્ટ આઇ.ટી.આઇ. થ્રૂ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ સ્કીમ હેઠળ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઓને આવરી લેવા માટે ભારત સરકાર દ્વારા સંસ્થા દીઠ રૂ. ૨૫૦ લાખની વ્યાજમુકત પેશગી દ્વારા નિયત કરાયેલ માપદંડ અનુસાર , પોતાના સરકારી મકાનમાં ચાલતી હોય અને તારીખ ૦૧/૦૧/૨૦૦૭ પહેલા શરૂ કરવામાં આવેલ હોય તેવી સંસ્થાઓને જ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે અપગ્રેડ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ પેશગી ૧૦ વર્ષના **Moratorium period** બાદ ૨૦ વર્ષના સમયગાળામાં સમાન વાર્ષિક હપ્તામાં (વાર્ષિક રૂ. ૧૨.૫૦ લાખ) ભારત સરકારને પરત કરવાની થાય છે.

## રાજયમાં આ કેન્દ્ર પુરસ્કૃત પીપીપી યોજના હેઠળ

- વર્ષ ૨૦૦૭-૦૮માં ૧૯ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૦૮-૦૯માં ૨૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૧૦-૧૧માં ૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થા, તથા
- વર્ષ ૨૦૧૧-૧૨માં ૨૪ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ,

આમ, ઉપર મુજબ કુલ ૯૧ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આવરી લેવામાં આવેલ છે.

ભારત સરકાર દ્વારા નિયત કરાયેલ ઉપરોક્ત માપદંડ ન સંતોષતી હોય તેવી ૧/૦૧/૨૦૦૭ પછી શરૂ થયેલ હોય, નોન એફિલિટેડ હોય, ભાડાના મકાનમાં ચાલતી હોય તેવી સંસ્થાઓને ભારત સરકારની આ યોજનાનો લાભ મળેલ નથી.

રાજ્ય સરકારના પ્રયત્નોથી નવા સ્થ પાતા ઉદ્યોગો માટે કુશળ માનવબળ પૂરું પાડવાની જવાબદારી પુર્ણ કરવા તથા રાજ્યના ઉ દ્યોગોને કુશળ માનવબળ મળતા તેમની કાર્યક્ષમતા – ગુણવત્તા તથા ઉત્પાદનક્ષમતામાં વધારો થાય તેમજ રાજ્યના અર્થતંત્રનો વિકાસ થાય તેવા શુભ આશયથી ૧૧૭ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઓને ૦૫ વર્ષમાં તબક્કાવાર રાજ્ય પુરસ્કૃત પીપીપી યોજના હેઠળ આવરી લેવાનું નક્કી કરવામાં આવેલ,

## આ રાજય પુરસ્કૃત પીપીપી યોજના હેઠળ

- વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૧૪-૧૫માં ૨૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ,
- વર્ષ ૨૦૧૬-૧૭માં ૨૫ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ તથા
- વર્ષ ૨૦૧૭-૧૮માં ૦૮ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવરી લેવામાં આવેલ છે.

આમ, ઉપર મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ સુધી કુલ ૮૩ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ઓને આવરી લેવામાં આવેલ છે , અને આ માટે રાજ્ય સરકાર દ્વારા સંસ્થા દીઠ ૦૫ વર્ષમાં તબક્કાવાર કુલ રૂ. ૨૦૦ લાખનું ફંડ ફાળવવામાં આવે છે.

- સદર નાણાં રાજય સરકારને પરત કરવાના હોતા નથી.
- રાજય પુરસ્કૃત યોજના અંતર્ગત પીપીપી હેઠળ અપગ્રેડેશન માટે મશીનરી ઇકવીપમેન્ટ માટે રુ.૧૫૦.૦૦ લાખ અને અન્ય ખર્ચ માટે રુ.૫૦ લાખની સહાય આપવામાં આવે છે. સીવીલ વર્કસ માટે આયોજનમાંથી નાણાં ફાળવવામાં આવેલ નથી.
- આ યોજનાની અમલવારીના અન્ય માપદંડો કેન્દ્ર પુરસ્કુત પીપીપી યોજના અનુસાર જ રાખવામાં આવેલ છે.

➢ પીપીપી યોજના અંતર્ગત **Tata Chemicals, Suzlon Energy Ltd., Sanghi Cement, Pipavav Shipyard Ltd., D.C.W. Ltd., Cadila Pharma Ltd., J. K. Paper Mills Ltd., Hindustan Unilever Ltd., Batliboi Ltd., NTPC, Maruti Suzuki, Transpec Industries, Geeta machine toos Pvt. Ltd., Atul Motors, GSFC, Guj. Energy Transmission Corporation Ltd., Guj. State Electric Corporation Ltd., Welspun, Ratnamani Metal and Tubes Ltd., Mundra Port and Sez Ltd., Mafatlal Denim, Appolo Construction Equipment Pvt. Ltd., Sonata Ceramic Pvt. Ltd., Tata Motors, Techno Forge Ltd., Atul Ltd., Vimal Microns Ltd., Adani Foundation, Ostin Eng. Co. Ltd.** અગ્રગણ્ય ઉધોગગૃહો દ્વારા વિવિધ આઇ.ટી.આઇ.ને અપગ્રેડેશન માટે દત્તક લેવામાં આવી.

➢ પીપીપી યોજના થકી અભ્યાસક્રમોની લોકપ્રિયતા અંગેની સમીક્ષા દ્વારા આઇ.એમ.સી.ના માધ્યમથી બિન-લોકપ્રિય અભ્યાસક્રમોના સ્થાને સ્થાનિક ઉધોગગૃહો માટે જરૂરી અને રોજગારલક્ષી નવીન અભ્યાસક્રમો દાખલ કરી શકાય છે. રાજ્યમાં **Ship Building Technician, Advance electrician, sheet metal technician, Carpenter Joiner, Instrument mechanic power plant, Electrician power plant, Auto cad,**

Hopitality Management basic Training, Pharmaceutical Machinery Mechanic જેવા અભ્યાસક્રમો ઉધોગગૃહોના માર્ગદર્શન-સહકારથી શરૂ કરાયેલ છે.

- પીપીપી યોજનાના કારણે ઉધોગો તાલીમી પ્રવુતિઓ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલ હોવાના કારણે ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં ઔધોગિક પર્યાવરણનું નિર્માણ થાય અને તાલીમાર્થીઓમાં ઔધોગિક શિસ્ત તથા અનુશાસનનું નિર્માણ થાય છે.
- આ યોજના થકી આઇ.એમ.સી.ને જે તે તાલીમી સંસ્થાના સંચાલન માટે નાણાકીય તથા વહીવટી સત્તાઓની સ્વયતત્તા મળી છે. જેના થકી ઔધોગિક તાલીમ સંસ્થાઓના અપગ્રેડેશન માટે સાનુકૂળ પરિસ્થિતીનું નિર્માણ થયેલ છે.
- આ યોજના થકી , ઉધોગોના સહયોગથી ઇંન્ડસ્ટ્રીયલ વિઝિટ , ઓન જોબ ટ્રેનીંગ , જોબ ફેર , પ્લેસમેંટ, ખાસ પ્રકારના વર્કશોપ , સેમિનાર , કારકિર્દી /વ્યવસાયલક્ષી માર્ગદર્શન , ઉધોગ જગતના નિષ્ણાતો દ્વારા તાલીમાર્થીઓ, પ્રશિક્ષકોને તાલીમ તથા આધુનિક ટેક્નોલૉજીનું જ્ઞાન વગેરે પ્રવૃતિઓને વેગ મળે છે, જેના કારણે રોજગારલક્ષી તાલીમી ગુણવત્તાનું સ્તર ઊંચું આવે છે.
- આ યોજના થકી , વિવિધ સંસ્થાઓમાં માંગ આધારિત વ્યવસાયો શરૂ કરી સરકારી ધારાધોરણ ઉપરાંત વધુ તાલીમી ફી દ્વારા તથા જોબવર્ક કરીને રેવન્યુ જનરેશન કરી શકાય છે.
- ઉધોગોમાંથી જોબવર્ક મેળવી **"Earn while you learn"** થીયરી મુજબ તાલીમાર્થીઓ તાલીમની સાથે સાથે કમાણી પણ કરી શકે છે.

---

## :: આ યોજનાના ફાયદાઓ ::

1) રાજયની ઔ. તા. સંસ્થાઓ  જાહેર અને ખાનગી ભાગીદારીથી વધુ સુસજજ થશે.

2) ઔ. તા. સંસ્થાનું સંપૂર્ણ આધુનિકરણ થશે.

3) ઉદ્યોગોને જરૂરી એવા કોર્ષની તાલીમ માટેના ઇન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ થશે.

4) ઉદ્યોગોને પોતાની જરૂરીયાત મુજબ તાલીમબધ્ધ માનવબળ મળી રહેશે.

5) ઉદ્યોગોને પોતાની જરૂરીયાત મુજબના નવિન વ્યવસાયો શરૂ કરી શકશે અને કુશળ માનવબળ મળતાં તેમના ઉત્પાદનોની ગુણવત્તા તથા ઉત્પાદકતામાં વધારો થશે.

6) આઇ.એમ.સી.ને મળેલ સ્વાયત્તા મુજબ ઉદ્યોગોને જરૂરી તથા રોજગાર મળી શકે તેવા વ્યવસાયો શરૂ કરી શકાશે.

7) ઔ. તા. સંસ્થાઓના જુદા જુદા અભ્યાસક્રમોની ગુણવત્તામાં વૃધ્ધિ લાવી શકાશે.

8) તાલીમની ગુણવત્તામાં સુધારો તથા તાલીમની કક્ષા ઉંચી લાવી શકાશે.

9) તાલીમાર્થીઓને વિશ્વસ્તરનું શિક્ષણ મળી શકશે.

10) દેશ તથા વિદેશમાં યોગ્ય રોજગારીની તકો વધશે.

11) રોજગાર વાંચ્છુઓને રોજગારી/સ્વરોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો થશે.

12) રાજયના અર્થતંત્રના વિકાસમાં મદદરૂપ બની રહેશે.

13) રાજયની તમામ ઔ. તા. સંસ્થાઓનો એકસમાન વિકાસ.

14) ડ્રોપ આઉટ રેશીયામાં ઘટાડો થશે.

# ભારત સરકારની પીપીપી યોજના તથા રાજ્ય પુરસ્કૃત પીપીપી યોજનાની તુલના

| *અ.નં.* | *ભારત સરકારની પીપીપી યોજના* | *રાજ્ય પુરસ્કૃત પીપીપી યોજના* |
|---|---|---|
| ૧. | ભારત સરકારની વ્યાજમુકત લોનથી આઇ.ટી.આઇ.ઓનું અપગ્રેડેશન હાથ ધરવાનું છે. | રાજ્ય સરકારના ફંડથી આઇ.ટી.આઇ.ઓનું અપગ્રેડેશન હાથ ધરવાનું છે. |
| ૨. | સંસ્થા દીઠ પ્રોજેકટ કોસ્ટ  રૂ. ૨૫૦.૦૦ લાખ છે. | સંસ્થા દીઠ પ્રોજેકટ કોસ્ટ રૂ. ૨૦૦.૦૦ છે. |
| ૩. | ભારત સરકારની લોન ૧૦ વર્ષ બાદ ૨૦ વર્ષના વાર્ષિક રૂ. ૧૨.૫૦ લાખના હપ્તાથી પરત ચૂકવણી કરવાની છે. | ફંડ આપેલ હોવાથી પરત કરવાના રહેતા નથી. |
| .૪. | આપેલ લોનમાંથી ૫૦ ટકા સુધીના ફંડની સીડમની ડિપોઝીટ કરવાની જોગવાઇ છે. | ફંડ પરત કરવાનુ ન હોવાથી સીડમની ડિપોઝીટ કરવાની જોગવાઇ નથી. |
| ૫. | આ સ્કીમમાં ૧-૧-૨૦૦૭ પહેલા શરૂ થયેલ અને માત્ર પોતાનું મકાન ધરાવતી સંસ્થાઓને આવરી લેવામાં આવે છે. | આ સ્કીમમાં ૧-૧-૨૦૦૭ પછી શરૂ થયેલ અને પોતાનુ મકાન ન  ધરાવતી હોય/ ભાડાના મકાનવાળી સંસ્થાઓને પણ આવરી લેવામાં આવે છે. |
| ૬. | ઉધોગો, રાજય સરકાર તથા ભારત સરકાર વચ્ચે ત્રીપક્ષીય એમ.ઓ.એ. કરવમાં આવે છે. | ઉધોગો તથા રાજય સરકાર વચ્ચે દ્વીપક્ષીય એમ.ઓ.એ. કરવામાં આવે છે. |
| ૭. | ભારત સરકારની ગાઇડ લાઇન પ્રમાણે આઇ.એમ.સી.ને  જરૂરી સ્વાયતતા આપવામાં આવે છે. | ભારત સરકારની ગાઇડ લાઇન પ્રમાણે જ રાજય પુરસ્કુત પીપીપી યોજનાની આઇ.એમ.સી.ને  જરૂરી સ્વાયતતા આપવામાં આવે છે. |